ति (तिव्) આ અવસ્થામાં ऐ સ્વરને નામિસંજ્ઞા થાય તો 'नामिनो०.....૪-૩-૧' થી ऐ ના સ્થાને 'ए' ગુણ થશે અને તેથી 'ए' ને 'एदैतोऽयाय्' ૧-૨-૨૩ થી 'अय्' આદેશ થવાથી 'कयति' આવો અનિષ્ટ પ્રયોગ થશે. તેથી તેના નિવારણ માટે અહીં ऐ ને નામિસંજ્ઞા કરાતી નથી. કારણ કે કાર્યી (જેને કાર્ય કરવાનું છે તે) સ્વર ऐ ની અપેક્ષાએ કાર્ય (વિધેય) સ્વર 'ए' (પ્રયત્નની અપેક્ષાએ) ન્યૂન છે. તેથી 'कै + य + ति' આ અવસ્થામાં 'ऐ' ને નામિસંજ્ઞા ન થવાથી તેને 'एदैतोऽयाय्' ૧-૨-૨૩ થી 'आय्' આદેશ થવાથી 'कायति' આવો પ્રયોગ થાય છે. જેનો અર્થ 'કરમાય છે.' એવો છે.) ॥૬॥

### लृदन्ताः समानाः ॥१।१।७॥

'अ' થી 'लृ' સુધીના વર્ણોને 'समान' સંજ્ઞા થાય છે. अ आ इ ई उ ऊ ऋ ॠ लृ અને ॡ આ સમાન સ્વરો છે. ॥૭॥

### ए-ऐ-ओ-औ सन्ध्यक्षरम् ॥१।१।८॥

ए ऐ ओ અને औ આ ચાર વર્ણોને सन्ध्यक्षर સંજ્ઞા થાય છે.॥૮॥

### अं-अः अनुस्वारविसर्गौ ॥१।१।९॥

अं અને अः અહીં અકારને છોડીને 'ं' અને 'ः' ને અનુક્રમે 'અનુસ્વાર' અને 'વિસર્ગ' સંજ્ઞા થાય છે. અનુસ્વાર અને વિસર્ગનું ઉચ્ચારણ સ્વરની સહાય વિના થતું ન હોવાથી સૂત્રમાં 'अं' અને 'अः' આ પ્રમાણે અકાર સાથે અનુસ્વાર અને વિસર્ગનું ગ્રહણ છે. અનુસ્વાર નાસિક્ય વર્ણ છે અને વિસર્ગ કણ્ઠ્ય વર્ણ છે. એ યાદ રાખવું ॥૯॥

### कादिर्व्यञ्जनम् १।१।१०॥

'क्' थी 'ह्' सुधीना प्रत्येक वर्णने व्यञ्जन संज्ञा थाय छे. (अनुस्वार अने विसर्ग पण व्यञ्जन मनाय छे.) ॥१०॥

### अपञ्चमान्तस्थो धुट् १।१।११॥

दरेक वर्गना पांचमा (ङ् ञ् ण् न् म्) व्यञ्जनने अने अन्तस्था (य् र् ल् व्) ने छोडीने बाकीना क् थी ह् सुधीना वर्णोने 'धुट्' संज्ञा थाय छे. ॥११॥

### पञ्चको वर्गः १।१।१२॥

पांच पांच संख्या प्रमाण क् थी ङ्; च् थी ञ्; ट् थी ण्; त् थी न्; अने प् थी म् सुधीना वर्णोने वर्ग संज्ञा थाय छे. ॥१२॥

### आद्य-द्वितीय-श-ष-सा अघोषाः १।१।१३॥

दरेक वर्गना आद्य क् च् ट् त् प् तेम ज द्वितीय ख् छ् ठ् थ् फ् अने श् ष् स् ने 'अघोष' संज्ञा थाय छे.॥१३॥

### अन्यो घोषवान् १।१।१४॥

अघोष वर्णोने छोडीने बाकीना ग् वगेरे वर्णोने अर्थात् दरेक वर्गना त्रीजा चोथा पांचमा वर्णोने तेम ज य् र् ल् व् ह् ने 'घोषवत्' संज्ञा थाय छे.॥१४॥

### य-र-ल-वा अन्तस्थाः १।१।१५॥

य् र् ल् अने व् ने 'अन्तस्था' संज्ञा थाय छे. ॥१५॥